EDII

Gujarat Samachar

March 12, 2018
Page No.2

## ગુજરાત યુનિ.માં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી સુરેશ પ્રભુનું વક્તવ્ય

# હાલની એજ્યુકેશન સિસ્ટમ વિદ્યાર્થીઓને ઈનોવેશન-સ્ટાર્ટઅપમાં નડતરરૂપ છે

અમદાવાદ,રવિવાર

ગુજરાત યુનિવર્સિટી ખાતે સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલીસીના લોન્ચિંગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા કેન્દ્રીય વાણિજ્ય-ઉદ્યોગ અને નાગરિક ઉડ્યન મંત્રી સુરેશ પ્રભુએ જણાવ્યું કે હાલની એજ્યુકેશન સીસ્ટમ વિદ્યાર્થીઓને નવુ વિચારતા તરફ રોકે છે.વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ તરફ વાળવા માટે અને નવુ વિચારતા કરવા માટે હાલની પરીક્ષા અને પરિણામલક્ષી શિક્ષણ પદ્ધતિ સુધારવી પડશે.

## વધુને વધુ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ તરફ વાળવા અને નવુ વિચારતા કરવા માટે હાલની પરીક્ષા અને પરિણામલક્ષી શિક્ષણ પદ્ધતિને સુધારવી પડશે : સુરેશ પ્રભુ

કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુએ તેમના વકતવ્યમાં જણાવ્યું કે ભારત સહિત સમગ્ર દુનિયામાં જે પણ વૈશ્વક સ્તરે નવી કંપનીઓ વિકસી છે તેની પાછળ નવા આઈડીયા ,ઈનોવેશન અને સ્ટાર્ટઅપ જ હતું.ભારતમાં પણ સ્ટાર્ટઅપ એકટીવિટી પુરઝડપે આગળ વધી રહી છે અને આજે દેશમાં ૨૦ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ એટલે કે ઉદ્યોગ સાહસિકો અને ઈનોવેટર્સ છે.ભારતમાં હજુ પણ સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશનનો માટે વિશાળ તકો રહેલી છે અને ભવિષ્યમાં વધુ સ્ટાર્ટઅપ્સ બહાર નીકળશે કારણકે ભારતમાં વીજળી, પાણી ,ખેતી સહિતની અનેક સમસયાઓ છે.સમસ્યાઓના સમાધાન માટે જ નવા આઈડીયા સાથે સ્ટાર્ટઅપ જન્મે છે ત્યારે ભારતમાં સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ વધવાના છે. સ્ટાર્ટઅપ દેશમાં નવા ડેવલપમેન્ટ થશે અને સ્ટાર્ટઅપ એક મોટી શક્તિ છે.સુનામીથી પણ પાવરફુલ સ્ટાર્ટઅપ્સના આઈડીયા હોય છે.ગુજરાત યુનિ.માં જે રીતે યુવા વિદ્યાર્થીઓએ નવા નવા આઈડીયાઝ અને ઈનોવેશન તથા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટસ રજૂ કર્યા છે તે જોઈને ભારતનું ભવિષ્ય કેવુ હશે તે જોઈ શકાય છે.સુરેશ પ્રભુએ ગુજરાત યુનિ.ના કુલપતિને ટકોર કરતા કહ્યું કે આ સાથે હું એ સૂચન પણ કરું છું કે સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટે એવી પોલીસી લાવવામા આવે કે જેમાં વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન માટે સરળતા તથા સાનુકુળ વાતાવરણ હોય.હાલની એજ્યુકેશન સીસ્ટમ વિદ્યાર્થીને નવુ વિચારતા અને ઉદ્યોગસાહસિક બનવા માટે હર્ડલ એટલે કે નડતર રૂપ સાબીત થઈ રહી છે.

વર્ષોથી ચાલી આવતી બીબાઢળ સમાન પ્રોટોટાઈપ એકેડમિક અને એક્ઝામ પેટર્નમાં વિદ્યાર્થી કોર્સ પુરો કરવામા અને માર્કસ લાવવામાં સ્ટાર્ટઅપ તરફ વિચારતો નથી.જો તે નવા ઈનોવેશન તરફ વિચારે તો તેનું ભણવાનું છુટી જાય છે અને પરીક્ષામાં સારા માર્કસ લાવી શકતો નથી.જેથી એવી પોલીસી હોવી જોઈએ કે જેમાં વિદ્યાર્થીનું માર્કિંગ કે ઈવેલ્યુશન કે તેની ક્વોલિફિકેશન તેની પરીક્ષા પરિણામથી નહી પરંતુ તેના નવા આઈડીયાસ અને સ્ટાર્ટઅપ્સ થી થાય.જ્યારે વિદ્યાર્થી અધવચ્ચે ભણવાનું છોડી દે છે અને સ્ટાર્ટઅપમાં લાગી જાય છે ત્યારે તે ખૂબજ સફળ થાય છે.આમ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીના નોલેજથી દૂર કરી પ્રેકિટકલ નોલેજ મળે તે રીતની સાનુકુળ એજ્યુકેશન પોલીસીની જરૂર છે અને જે આજે આપણા માટે એક ચેલેન્જ છે.સુરેશ પ્રભુએ યુનિ.ખાતે ઈનોવેશન પોલીસીનું લોન્ચિંગ કર્યુ હતું તેમજ સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ રજૂ કરનારા ઈનોવેટર્સને એવોર્ડસ પણ આપ્યા હતા.આ સાથે તેઓએ યુનિ.ના ભારત શોધ સંસ્થાનનું પણ લોન્ચિંગ કર્યુ હતું.યુનિ.ની મુલાકાત પહેલા તેઓએ ગાંધીનગરમાં ઈડીઆઈ અને એનઆઈડી ગાંધીનગરની પણ મુલાકાત લીધી હતી અને જ્યાં પ્રાંસગિક પ્રવચન કર્યુ હતું.

### સ્કૂલ-કોલેજોમાં ગુજરાતી ભાષા ફરજિયાત કરાશેઃ શિક્ષણમંત્રી

ગુજરાત યુનિ.ના સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલીસીના કાર્યક્રમમાં હાજર રહેલા શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે સ્કૂલ-કોલેજોમાં ગુજરાતી ભાષાને ફરજીયાત કરવામા આવશે અને ફરજીયાત વિષય તરીકે અમલમા મુકાશે.આ માટે બજેટ સત્રમાં પણ ચર્ચા કરાઈ છે અને સરકાર દ્વારા એક સમિતિ બનાવીને હાલ વિચાર-વિમર્સ ચાલી રહ્યુ છે.ટૂંક સમયમાં આ માટેની જાહેરાત પણ કરાશે.તેઓએ સ્ટાર્ટઅપ્સ માટે જણાવ્યું કે યુનિ.માં ૬૦થી વધુ સ્ટાર્ટઅપ્સ છે અને નવા ઈનોવેટર્સ માટે પોલીસી ફાયદાકારક સાબીત થશે.સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સે સમસ્યાનું સમાધાન સુવિધા સાથે કરવુ જોઈએ અને તે જ સાચુ સ્ટાર્ટઅપ છે.